# ગળસુંઢો



- ગળસુંઢો જીવલેણ ચેપી રોગ છે,
  જે મુખ્યત્વે ગાયો અને ભેંસોમાં ચોમાસા દરમ્યાન
  ફેલાય છે અને તેમાં મૃત્યુ દર ઘણો વધારે હોય છે.
- પૂરગ્રસ્ત ક્ષેત્રોમાં અને જ્યાં પાણીનો ભરાવો થાય છે
  તેવી જગ્યાઓમાં આ બિમારીના જીવાણુઓ વધુ સમય સુધી
  જીવિત રહે છે.

## લક્ષણો :

- અચાનક ખુબ જ તાવ આવે છે, આંખો લાલ થઈ જાય છે અને પશુ કાંપવા માંડે છે.
- પશુનું ખાવા-પીવાનું પણ બંધ થઈ જાય છે.
- ગળાની નીચે સોજો આવી જાય છે જેથી શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને ગળામાંથી ઘૂર્ર્-ઘૂર્ર્ જેવો અવાજ આવે છે.
- જીભ ઉપર સોજો આવે છે અને મોં માંથી બહાર નીકળી આવે છે અને સતત લાળ ટપક્યા કરે છે.
- લક્ષણો દેખાવાના એક-બે દિવસમાં જ પશુ મૃત્યુ પામી શકે છે.

## નિયંત્રણ :

- ચોમાસાની ઋતુ આવતા પહેલા બધા પશુઓને ગળસુંઢાની રસી અચૂક મુકાવવી.
- સ્વસ્થ પશુઓને બિમાર પશુઓથી અલગ કરી ખોરાક-પાણી પણ અલગ આપવા.
- તાત્કાલિક પશુચિકિત્સક નો સંપર્ક કરી સારવાર કરાવવી.

**"ચોમાસા પહેલા રસી મુકાવો,
ગાય/ભેંસ ને ગળસુંઢાથી બચાવો"**

KAMDHENU UNIVERSITY
सर्वभूतहिते रताः


-: પ્રકાશક :-
વિસ્તરણ શિક્ષણ નિયામક
કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, ૪થો માળ, વીંગ-બી૧,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦